સમય સંદેશ
પ્રોપટી લે-વેચ, પ્રોડક્ટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે
સમય સંદેશ કાર્યાલય
૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧
મો.૮૮૬૬૦૬૬૦૬૦

સમય તમારો, સંદેશ અમારો...

# સમય સંદેશ

જેઠ સુદ - ૧૩ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

**આજનો સુવિચાર**

કોઈ ભલે ગમે તેટલું કહે તમારી જાતને શાંત રાખો, કારણ કે સૂર્ય ગમે તેટલો મજબૂત હોય તે સમુદ્રને સૂકવી શકતો નથી!

વર્ષ: ૧૧ ● અંક: ૨૦૭ ● તારીખ: ૨૭.૦૬.૨૦૨૬, શનિવાર ● પાના:૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG
E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060

## ગુજરાતમાં ડ્રગ્સ માફિયાઓ પર DRI અને ATSનો પ્રહાર

### સુરતમાંથી ૨ કિલો કોકેઈન અને અમદાવાદમાંથી ૮.૩૨ કરોડનું આંતરરાજ્ય ડ્રગ્સ રેકેટ ઝડપાયું: અમદાવાદમાં લક્ઝરી બસમાંથી ૨ લાખથી વધુ પ્રતિબંધિત 'ટ્રામાડોલ' ટેબલેટ્સ સાથે મુખ્ય સૂત્રધાર રાજસ્થાનથી પકડાયો





**સમય સંદેશ: સુરત, અમદાવાદ**

ભારત સરકારના 'નશા મુક્ત ભારત'ના વિઝનને સાકાર કરવા અને ડ્રગ્સના સપ્લાય નેટવર્કને તોડી પાડવા માટે સેન્ટ્રલ અને સ્ટેટ એજન્સીઓએ કમર કસી છે. ૨૬ જૂન એટલે કે 'આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ વિરોધી દિવસ' ના રોજ જ ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઇન્ટેલિજન્સે સુરતમાંથી ૨ કિલો કોકેઈનનો જથ્થો ઝડપી પાડ્યો છે. NDPS એક્ટ હેઠળ આ ગેરકાયદેસર હેરાફેરીમાં સામેલ એક આરોપીની ધરપકડ કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે, DRIએ અત્યાર સુધીમાં કુલ ૨૬ કિલો કોકેઈન જપ્ત કરીને ૧૪ વિદેશી નાગરિકો સહિત ૨૨ વ્યક્તિઓને જેલભેગા કર્યા છે, જેઓ શરીરની અંદર કેપ્સ્યુલ ગળીને કે સામાનમાં છુપાવીને ડ્રગ્સ ઘુસાડતા હતા.

બીજી તરફ, ગુજરાત એટીએસ, ક્રાઇમ બ્રાંચ અને એસઓજીની સંયુક્ત ટીમે એક સચોટ બાતમીના આધારે અમદાવાદના શાહીબાગ વિસ્તારમાં એમ.આર. ટ્રાવેલ્સની લક્ઝરી બસમાં દરોડો પાડ્યો હતો. તપાસ દરમિયાન બસમાંથી ૬ મોટા બોક્સ મળી આવ્યા હતા, જેમાંથી ૨,૦૮,૦૦૦ પ્રતિબંધિત 'ટ્રામાડોલ' ટેબલેટ્સ (કિંમત અંદાજે ૮ કરોડ ૩૨ લાખ) જપ્ત કરવામાં આવી હતી. આ જથ્થો રાજસ્થાન મોકલવામાં આવી રહ્યો હતો. આ કૌભાંડનો મુખ્ય સૂત્રધાર પરેશ પારસમલ જૈન રાજસ્થાન ભાગી ગયો હતો, પરંતુ અઝજની વિશેષ ટીમે તેને ઉદયપુરના ગોગુંડા વિસ્તારમાંથી દબોચી લીધો

અનુ પાના નં.૨ પર

## અમદાવાદ: રદ કરાયેલી ૫૦૦ની નોટોનો જથ્થો મળ્યો, રામોલ પોલીસે ૩૯ લાખની જૂની નોટો સાથે ૨ને દબોચ્યા

**સમય સંદેશ: અમદાવાદ**

રૂ.૫૦૦ની જૂની ચલણી નોટોની ગેરકાયદે હેરફેર કે બદલી કરવાનું કૌભાંડ હજુ પણ સક્રિય હોવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. રામોલ પોલીસે રબારી કોલોની ચાર રસ્તા પાસેથી બાતમીના આધારે બે શખસોને આંતરીને તેમની પાસેથી રૂ.૩૯ લાખની ૭,૮૦૦ નોટો ઝડપી પાડી છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી અન્ય બે શખસોને વોન્ટેડ જાહેર કર્યા છે.

રામોલ પોલીસની સર્વેલન્સ ટીમ ૨૫ જૂનના રોજ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતી. આ દરમિયાન ચોક્કસ બાતમી મળી હતી કે, બે શખસો પ્રતિબંધિત ચલણી નોટોનો મોટો જથ્થો લઈને પસાર થવાના છે. આ બાતમીના આધારે પોલીસે રબારી કોલોની ચાર રસ્તા પાસે વોચ ગોઠવીને શંકાસ્પદ હાલતમાં નીકળેલા બે શખસોને અટકાવ્યા હતા. તેમની તલાશી લેતા થેલીમાંથી ૫૦૦ના દરની જૂની નોટોના બંડલો મળી આવ્યા હતા.

ઝડપાયેલા આરોપીઓમાં ભરતસિંહ પ્રાગજીભાઈ મહીડા(ઉં.વ.૪૦, મૂળ જામનગરના વતની અને હાલ અંબરનાથ ઈસ્ટ, મુંબઈ). મેરાજુદ્દીન જમીલ ખાન (ઉં.વ.૫૬, રહે.સુરત)નો સમાવેશ હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછમાં પકડાયેલા આરોપીઓએ કબૂલાત કરી છે કે, રદ થયેલી આ નોટો તેઓ મહારાષ્ટ્રના જલગાંવ ખાતે રહેતા અયાનુદ્દીન ગયાસુદ્દીન પતવે નામના શખસ પાસેથી લાવ્યા હતા.



આ જથ્થો તેઓ ગાંધીનગરના શૈલેષ પટેલ નામના વ્યક્તિને ગેરકાયદે રીતે બદલી કરવા માટે આપવાના હતા. પોલીસે આરોપીઓ પાસેથી રૂ.૩૯ લાખની કિંમતની ૭,૮૦૦ નંગ નોટો ઉપરાંત રૂ. ૨૦૦૦ની કિંમતના બે મોબાઈલ ફોન પણ જપ્ત કર્યા છે. રામોલ પોલીસે સ્પેસિફાઈડ બેંક નોટ્સ (સેસેશન ઓફ લાયબિલિટીઝ) એક્ટ, ૨૦૧૭ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ કાયદા હેઠળ નોટબંધી પછી જૂની નોટો રાખવી, તેની હેરફેર કરવી કે બદલવી એ સજાપાત્ર ગુનો બને છે.

પોલીસ હવે આ નેટવર્કના મૂળ સુધી પહોંચવા માટે જલગાંવના અયાનુદ્દીન અને ગાંધીનગરના શૈલેષ પટેલને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે. આ નોટો કયા હેતુથી બદલવામાં આવી રહી હતી અને આ રેકેટમાં અન્ય કેટલા લોકો સામેલ છે તેની પણ ઘનિષ્ઠ પૂછપરછ ચાલી રહી છે.

## ૧લી જુલાઈથી ક્રેડિટ કાર્ડ, કાર અને હવાઈ મુસાફરી મોંઘી થશે

### આધાર વપરાશકર્તાઓને રાહત: LPG સિલિન્ડર અને એર ફ્યુઅલના ભાવમાં ફેરફાર વચ્ચે HDFC બેંકે નિયમો કડક કર્યા; ઈમેઈલ આઈડી અપડેટ હવે મફત

**સમય સંદેશ: નવીદિલ્હી**

૧લી જુલાઈ, ૨૦૨૬થી સામાન્ય જનતાના ખિસ્સા અને





બજેટને સીધી અસર કરતા પાંચ મોટા ફેરફારો થવા જઈ રહ્યા છે.

**LPG અને ATFના ભાવમાં ફેરફાર:** યુએસ-ઈરાન યુદ્ધને કારણે મધ્ય પૂર્વમાં વધતા તણાવ વચ્ચે કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં ૫૩.૫૦નો વધારો થતાં દિલ્હીમાં ૧૯ કિલોનો ભાવ ૩૧૧૩.૫૦ થયો છે. આ સાથે જ એર ટર્બાઇન ફ્યુઅલના ભાવ પણ સુધારાશે, જેની સીધી અસર હવાઈ મુસાફરીના ભાડા પર પડશે.

**HDFC ક્રેડિટ કાર્ડનો નવો નિયમ:** HDFC બેંક રીગાલિયા ગોલ્ડ ક્રેડિટ કાર્ડ વપરાશકર્તાઓએ આગામી ક્વાર્ટરમાં મફત સ્થાનિક એરપોર્ટ લાઉન્જ એક્સેસ ચાલુ રાખવા માટે, પાછલા ક્વાર્ટરમાં ઓછામાં ઓછા ૬૦,૦૦૦નો ખર્ચ કરવો પડશે.

**મફત આધાર અપડેટ:** UIDAI દ્વારા આધાર કાર્ડ વપરાશકર્તાઓને મોટી રાહત આપવામાં આવી છે. હવે આધાર કાર્ડમાં ઈમેઈલ આઈડી અપડેટ કરવાનું કામ આગામી ડિસેમ્બર સુધી (છ મહિના માટે) બિલકુલ મફત રહેશે, જેના માટે અગાઉ ૭૫નો ચાર્જ ચૂકવવો પડતો હતો.

**કાર ખરીદવી મોંઘી થશે:** વાહન ખરીદનારાઓ માટે આગામી સમય ઝટકા સમાન રહેશે. KIA મોટર્સ પોતાની કારના ભાવમાં ૨% સુધીનો અને ટાટા મોટર્સ પોતાના ICE અને ઊટ મોડેલ્સની કિંમતોમાં ૧.૫% સુધીનો વધારો કરવા જઈ રહી છે.

## અયોધ્યા રામ મંદિર ચોરી કેસમાં SITનો મોટો ખુલાસો; સોશિયલ મીડિયા પર ચાંદીની ઇંટો અને હાર ગુમ થયાના દાવા તદ્દન ખોટા સાબિત થયા

### એસઆઈટી તપાસમાં SOPના ઉલ્લંઘનનો ખુલાસો, આખા કેસની નૈતિક જવાબદારી સ્વીકારી ચંપત રાય અને અનિલ મિશ્રાએ આપ્યા રાજીનામા

**સમય સંદેશ: અયોધ્યા**

અયોધ્યા રામ મંદિર દાન ચોરીનો મામલો સામે આવ્યા બાદ એવો દાવો કરવામાં આવ્યો હતો કે દાનમાં આપેલા ચાંદીના હાર, માળા અને ચરણ પાદુકા ગુમ હતા. જોકે એસઆઈટી તપાસમાં હવે મોટો ખુલાસો થયો છે. સૂત્રોએ એક હિન્દી ન્યૂઝ ચેલને જણાવ્યું હતું કે મુંબઈના ઉદ્યોગપતિ અનિલ વિશ્વકર્માએ ચાંદીના હાર અને ચરણ પાદુકાઓનું દાન કર્યું હતું. એસઆઈટીને જાણવા




મળ્યું છે કે આ ભેટો ટ્રસ્ટની કસ્ટડીમાં સુરક્ષિત છે.

વિશ્વ સિંધી સેવા સમાજના પ્રમુખ રાજુ માંડવાનીએ એક મીડિયા નિવેદનમાં જણાવ્યું હતું કે ૨૦૨૧ માં ૨૫-૨૫ કિલોની ચાંદીની આઠ ઇંટો જેનું વજન ૨૦૦ કિલો હતુ, દાનમાં આપવામાં આવી હતી, પરંતુ કોઈ રસીદ મળી ન હતી. આને આધારે ઇંટોની ચોરી અંગે સોશિયલ મીડિયા પર ભ્રામક અને ખોટા

અનુ પાના નં.૨ પર

## ભારતની આર્થિક તાકાતમાં રેકોર્ડ વધારો: દેશનો વિદેશી મુદ્રા ભંડાર ૬૭૨ અબજની ઐતિહાસિક સપાટીને પાર

### સોનાના ભંડારના મૂલ્યમાં ૪.૧ અબજનો પ્રચંડ ઉછાળો; વૈશ્વિક અનિશ્ચિતતા વચ્ચે ભારતીય રૂપિયાને મળશે મોટી મજબૂતી

**સમય સંદેશ: મુંબઈ**

વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતાઓ વચ્ચે ભારતીય અર્થતંત્ર માટે વધુ એક ખૂબ જ રાહત આપનારા સમાચાર સામે આવ્યા છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા જાહેર કરાયેલા તાજેતરના ડેટા અનુસાર, ૧૯ જૂનના રોજ પૂરા થયેલા સપ્તાહમાં ભારતનો વિદેશી મુદ્રા ભંડાર ૯૬૩ મિલિયન યુએસ ડોલર વધીને ૬૭૨ અબજ યુએસ ડોલરથી વધુની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયો છે. દેશની આર્થિક સુરક્ષા અને આંતરરાષ્ટ્રીય વ્યાપારની સ્થિરતા માટે આ સર્વોચ્ચ વધારો અત્યંત મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આરબીઆઈના અહેવાલ મુજબ, ફોરેક્સ રિઝર્વમાં થયેલા આ નોંધપાત્ર ઉછાળા પાછળનું મુખ્ય કારણ ભારતના સોનાના ભંડારના મૂલ્યમાં થયેલો તીવ્ર વધારો છે. વૈશ્વિક બજારમાં કિંમતી ધાતુઓના

અનુ પાના નં.૨ પર

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ બે દિવસીય ગુજરાતના પ્રવાસે

**સમય સંદેશ: ગાંધીનગર**

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ફરી એકવાર ગુજરાત પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન તેઓ વિવિધ કાર્યક્રમો, સમીક્ષા બેઠકો અને જાહેર પહેલોમાં ભાગ લેશે. ૨૭ અને ૨૮ જૂનના રોજ અમિત શાહ ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. આ પ્રવાસ દરમિયાન ગાંધીનગરમાં સહકાર આધારિત ટેક્સી સેવા સંબંધિત કાર્યક્રમને ખાસ મહત્ત્વ આપવામાં આવી રહ્યું છે.

આ સેવા સહકારી મોડલ પર આધારિત પરિવહન વ્યવસ્થાને વધુ પ્રોત્સાહન આપવાના પ્રયાસનો ભાગ

અનુ પાના નં.૨ પર

## જામનગરની જી.જી.હોસ્પિટલમાં ૧.૪૫ કરોડના સાધનોનું લોકાપર્ણ

**સમય સંદેશ: જામનગર**

રાજ્યના આરોગ્ય મંત્રીશ્રી પ્રફુલ પાનશેરીયા દ્વારા જામનગરની ગુરુ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલમાં દર્દીઓની સુવિધા અને તબીબી શિક્ષણને વેગ આપતી વિવિધ આધુનિક સુવિધાઓનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રી દ્વારા અર્પણ કરાયેલ રૂ. ૭૦ લાખની કિંમતનું સોનોગ્રાફીનું વી-૭ મોડેલ એ અતિ આધુનિક હાઈ-એન્ડ સોનોગ્રાફી મશીન છે, જે શરીરના લગભગ બધા જ અંગોની તપાસ માટે અનુકૂળ છે અને કેન્સરના દર્દીઓ માટે વિવિધ પ્રકારની ગાંઠનું આબેહૂબ ચિત્ર નિરૂપણ કરી શકે છે, જેમાં જુદી જુદી તપાસ માટે ૬ વિશેષ પ્રોબ પણ પ્રાપ્ત થયેલ છે.

આ સાથે જ આરોગ્ય સેવાઓમાં વધુ એક આધુનિક સુવિધાનો ઉમેરો કરતા દર્દીઓને વધુ ઝડપી, ચોક્કસ અને આધુનિક નિદાન સેવા મળી રહે તે હેતુથી રૂ. ૭૫ લાખના ખર્ચે નવીનતમ ફ્લો સાયટોમેટ્રી મશીનની સુવિધા શરૂ કરવામાં



આવી છે. આ એક એવી આધુનિક લેબોરેટરી ટેકનોલોજી છે જેની મદદથી રક્ત તથા અન્ય નમૂનાઓમાં રહેલા કોષોનું ખૂબ જ ચોકસાઈપૂર્વક વિશ્લેષણ કરી શકાય છે.

અને તે લ્યુકેમિયા તેમજ લિમ્ફોમા જેવા બ્લડ કેન્સરના નિદાનમાં અત્યંત મદદરૂપ બને છે. આ ટેકનોલોજી દ્વારા કોષોની ઓળખ અને પ્રકારનું ચોક્કસ વિશ્લેષણ, રોગનું વહેલું નિદાન અને યોગ્ય સારવાર આયોજનમાં સહાય, ઇમ્યુન સિસ્ટમ સંબંધિત રોગોનું મૂલ્યાંકન તેમજ સારવાર દરમિયાન દર્દીની પ્રગતિનું મોનિટરિંગ કરીને ઝડપી અને વિશ્વસનીય રિપોર્ટિંગ મેળવી શકાશે, જેનાથી દર્દીઓને ઘરઆંગણે જ ઉચ્ચ ગુણવત્તાની સારવાર સમયસર મળી રહેશે.

તબીબી શિક્ષણ ક્ષેત્રે પણ મહત્વનો ઉમેરો કરતા મંત્રીશ્રી દ્વારા પેથોલોજી પી.જી. વિદ્યાર્થીઓ માટે આધુનિક સુવિધા સાથેના નવા એક્ઝામિનેશન હોલનો પ્રારંભ કરાયો હતો, જેમાં એક સાથે ૨૦ પી.જી. વિદ્યાર્થીઓ માટે શાંતિપૂર્ણ, સુવ્યવસ્થિત અને અનુકૂળ વાતાવરણ સાથે પરીક્ષાની વ્યવસ્થા ઉપલબ્ધ રહેશે જેનાથી પરીક્ષા પ્રક્રિયા વધુ સરળ, પારદર્શક અને અસરકારક બનશે તેમજ ઉચ્ચ ગુણવત્તાવાળા તબીબી શિક્ષણને વધુ પ્રોત્સાહન મળશે.

આ પ્રસંગે મેયર શ્રીમતી મોનિકાબેન વ્યાસ, ધારાસભ્ય શ્રી દિવ્યેશ અકબરી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન શ્રી ધીરેન મોનાણી, મેડિકલ કોલેજના ડિન ડો.નંદીની દેસાઈ, તબીબી અધિક્ષક ડો. વિજય પોપટ સહિત વિવિધ વિભાગોના વડાઓ અને તબીબો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## સફાઈ કર્મચારીઓના શોષણ મામલે કોન્ટ્રાકટરને લાખો રૂપિયાની ચૂકવણી કરવા હાઈકોર્ટનો આદેશ

**સમય સંદેશ: જામનગર**

ન્યૂનતમ વેતનથી વંચિત રોજમદારો / સફાઈ કર્મચારીઓના હકોના રક્ષણ માટે ગુજરાત હાઈકોર્ટનો મહત્વપૂર્ણ આદેશ કર્યો હતો. જામનગરના આર્મી સ્ટેશન હેડકવાર્ટર ખાતે કાર્યરત કોન્ટ્રાક્ટરના ૨૩ સફાઈ કર્મચારીઓના કેસમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે જ્યાં સરકાર દ્વારા નિર્ધારિત ન્યૂનતમ દૈનિક વેતન રૂ. ૫૦૦ થી વધુ હતું, ત્યાં કોન્ટ્રાક્ટર દ્વારા સફાઈ કર્મચારીઓને માંડ રૂ. ૩૦૦ જેટલું દૈનિક વેતન ચૂકવવામાં આવતું હતું. શ્રમિકોના કાનૂની અને બંધારણીય અધિકારોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. પ્રાદેશિક શ્રમ આયુક્ત (કેન્દ્ર),




અમદાવાદે દસ્તાવેજી પુરાવાના આધારે કોન્ટ્રાક્ટર સામે રૂ. ૨૦.૫૯ લાખ (વેતન તફાવત અને વળતર સહિત) ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ આદેશને કોન્ટ્રાક્ટરે ગુજરાત હાઈકોર્ટમાં પડકાર્યો હતો. તાજેતરમાં હાઈકોર્ટે અંતિમ ચુકાદા સુધીના અંતરિમ આદેશરૂપે કોન્ટ્રાક્ટરને છ અઠવાડિયામાં રૂ. ૧૦ લાખ જમા કરાવવાનો નિર્દેશ આપ્યો છે.

ગુજરાત હાઈકોર્ટમાં સફાઈ કર્મચારીઓ/શ્રમિકો તરફથી એડવોકેટ જૈમિન ડી.પંડ્યા અને એડવોકેટ કુ. નિધિ ડી.પંડ્યા એ રજૂઆત કરી હતી. તેમની રજૂઆતોને ધ્યાનમાં લઈને હાઈકોર્ટે કોન્ટ્રાક્ટરને રૂ. ૧૦ લાખ જમા કરાવવાનો આદેશ કર્યો હતો. આ કેસ દર્શાવે છે કે જો શ્રમિકોના બેંક ખાતામાં ન્યૂનતમ વેતન કરતાં ઓછી રકમ જમા કરવામાં આવે, તો દસ્તાવેજી પુરાવાના આધારે અસરકારક કાનૂની કાર્યવાહી શક્ય છે, શ્રમિકોના કાનૂની હકોનું રક્ષણ થઈ શકે છે અને ન્યૂનતમ વેતનના ઉલ્લંઘન સામે કાયદો શ્રમિકોની સાથે ઉભો છે.

આ આદેશથી શ્રમિકોના દાવાની સુરક્ષા સુનિશ્ચિત થઈ છે અને ન્યૂનતમ વેતન સંબંધિત તેમના અધિકારોને પ્રાથમિક રક્ષણ મળ્યું છે.


## તંત્રી સ્થાનેથી..

### સમસ્યાઓની ઉપેક્ષા !

દેશના સામાન્ય બજારોમાં દુકાનદારો અત્યારે વેચાણ અને પ્રોડક્ટ બદલાવવાના અખતરાઓ પણ કરતા દેખાય છે. જ્યાં કપડાંની શોપ હતી તે હવે બુટચપ્પલની શોપ છે. ફરી જશો ત્યારે કરિયાણાની હશે અને એના પછી મેડિકલ સ્ટોર પણ હોઈ શકે. અનેક વેપારીઓએ પોતાની વરસો જૂની વ્યાપારિક પરંપરા બદલાવી છે. છતાંય તેઓ જે ડિમાન્ડ શોધે છે એ એમના શોપ તરફ આવી નથી. અમેરિકાનું અર્થતંત્ર નંબર વન પર હતું અને હજુ એ સ્થાન એણે જાળવી રાખ્યું છે. અમેરિકા વિરુદ્ધ પ્રચાર તો ચાલુ જ હોય છે, કારણ કે નંબર વનનો અર્થ જ ઈર્ષાનો સામનો કરનાર એવો થાય છે. અખાતી યુદ્ધે ઘણો ઘસારો પહોંચાડ્યો હોવા છતાં જેમ પહાડમાંથી પથ્થર પડે તો પહાડ નાનો ન થઈ જાય એવું અમેરિકાનું પ્રબળ સ્વત્વ છે. ચીન જેવા વ્યાપારિક માંધાતાને પછાડવામાં સતત એકાગ્ર રહેવા છતાં ટ્રમ્પે બહુ કુશળતાથી પોતાનું ઘર સાચવી લીધું છે, કારણ કે ટ્રમ્પ પોતે યશકીર્તિ કામનાઓથી ઘરાઈ ગયેલા છે. એમને પોતાના ડંકા વગાડતા રહેવામાં જ રસ છે ને એ માટે એ કોઈ પણ હદે જઈ શકે છે. ભાજપની જે અનિશ્ચિત અને સતત બદલતી નીતિઓ છે, એનો દેશના અર્થતંત્રને ગેરલાભ વધુ અને લાભ ઓછો થયો છે. ભાજપે એનડીએનું નેતૃત્વ લઈ કેન્દ્રમાં ઉપરાઉપરી ત્રીજી સરકાર બનાવી, પરંતુ પાછલી પહેલીવારની અને બીજી વારની શાસન પ્રણાલિકાની ભૂલોમાંથી એણે કોઈ જ બોધપાઠ ન લીધો. હવે ત્રીજી ઈનિંગ પણ ઘણી આગળ વધી ગઈ છે. ભારત એક વિશિષ્ટ પ્રકારની રાજસ્વીતાથી મુખરિત દેશ છે. એમાં બંધારણ તો એક આધારશીલા છે, પરંતુ અલિખિત પણ ઘણું છે અને એ પણ દરેક સરકાર જાણતી જ હોય છે. લિખિતમાં સત્તાઓ વધારે પ્રાપ્ત થાય છે અને અલિખિત પરંપરામાં કેન્દ્ર સરકારની જવાબદારીઓ વધુ ફિક્સ થાય છે. આજે ભાજપ તરફ લોકમત જે વિવિધ બહાને તબક્કાવાર બદલાતો જાય છે અને કોકરોચ જેવા નવાં પ્રકરણો સપાટી પર આવે છે એનું કારણ એક જ છે કે સામાન્ય બુદ્ધિથી પ્રજા હિત હૈયે રાખીને જે જવાબદારીઓ સરકારે અદા કરવાની છે એમાં કેન્દ્ર પાછી પાની કરે છે અને એનું જ પ્રતિબિંબ અર્થકારણમાં સરવાળે વ્યક્ત થાય છે. ભારત એક દેશ તરીકે પ્રચંડ શક્તિશાળી છે. બજારમાં ડિમાન્ડના રૂપ બદલાતા રહે છે. વેપારીઓ ખુદ ધંધાની રુખ પારખી શકતા નથી અને એમના અનુભવો નજીકના ભવિષ્યનો તાગ મેળવવામાં કંઈ કામમાં આવતા નથી. ડિમાન્ડનું પતન થતા બજારમાં ગ્રાહકો ઘટી ગયા છે ને મુલાકાતીઓ વધી ગયા છે.



# હાલારના હાલહવાલ



## કલ્યાણપુર પોલીસે લાંબા ગામેથી ગેરકાયદે રેતી ભરેલું ટ્રેક્ટર ઝડપ્યું



**સમય સંદેશઃ કલ્યાણપુર**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર પોલીસે લાંબા ગામ નજીકથી ગેરકાયદે દરિયાઈ રેતીનું પરિવહન કરતા એક ટ્રેક્ટર-ટ્રોલીને ઝડપી પાડ્યું છે. પોલીસે આ મામલે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, રોયલ્ટી કે પરમિટ વિના રેતી ભરેલી ટ્રોલી સાથે એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો હતો. આ શખ્સ સામે ખનીજચોરી અધિનિયમ હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી કરવામાં આવી રહી છે. જિલ્લામાં ખનીજચોરીની પ્રવૃત્તિઓને રોકવા માટે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ દ્વારા સતત કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે આ કાર્યવાહી કરવામાં આવી છે.

## જામનગરના પ્રસિદ્ધ બાલા હનુમાન મંદિરના નવા હોદેદારોની વરણી



**સમય સંદેશઃ જામનગર**

જામનગરમાં તળાવની પાળ સ્થિત વિશ્વ ખ્યાતિ પ્રાપ્ત શ્રી બાલા હનુમાન સંર્કિતન મંદિરના નવા હોદારોની વરણી કરવામાં આવી છે. મંદિર ટ્રસ્ટના હોદારોની અવધી પૂર્ણ થતાં તાજેતરમાં મળેલી ટ્રસ્ટ બોર્ડની બેઠકમાં આગામી ત્રણ વર્ષની મુદત માટે પ્રમુખ તરીકે શહેરના યુવા ઉધોગપતિ શ્રી જીતુભાઈ લાલની પુન : વરણી કરવા સર્વાનુમતે નિર્ણય કરવામાં આવ્યો છે. આ ઉપરાંત માનદમંત્રી તરીકે શ્રી પાર્થભાઈ એ.પંડયાની તેમજ ખજાનચી તરીકે શ્રી પ્રકાશભાઈ વી.તન્નાની પણ વરણી કરવામાં આવી છે. ટ્રસ્ટ બોર્ડના એક ટ્રસ્ટી ઉદયસિંહ સી.વાઢેરે અંગત કારણોસર રાજીનામું આપતાં તેને મંજુર કરવામાં આવ્યું હતું અને ટ્રસ્ટી મંડળની આ ખાલી પડેલ બેઠક પર શહેરના ગિરીશભાઈ વી.ગણાત્રાની વરણી કરવામાં આવી છે. ટ્રસ્ટી મંડળની આ બેઠકમાં ફરીવાર પ્રમુખ તરીકે વરણી કરવા બદલ શ્રી જીતુભાઈ લાલે સૌ ટ્રસ્ટીઓ પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરતાં કહયું હતું કે, આ વિશ્વ વિખ્યાત ધર્મસ્થાનમાં આવતાં દર્શનાર્થીઓ તથા ભાવિકજનો માટેની સુવિધા વધારવા માટે સૌના સહકારથી જુદા-જુદા કાર્યો કરવામાં આવશે. આ બેઠકમાં ટ્રસ્ટી મંડળના તમામ સાત સભ્યો ઉપસ્થિત રહયા હતાં.

## સરકારની ગાઈડલાઈન મુજબ જામનગર શહેરમાં ગેરકાયદે બાંધકામોને નિયમિત કરવા કામગીરી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકા દ્વારા ગુજરાત સરકારના અનઅધિકૃત વિકાસ નિયમિતકરણઅધિનિયમ-૨૦૨૨ તથા સરકાર દ્વારા જાહેર કરાયેલા સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર મુજબ શહેરમાં આવેલા અનધિકૃત બાંધકામોને નિયમિત કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. મહાનગર પાલિકા અધિકૃત વિસ્તારોમાં આવેલા તમામ બાંધકામ ધારકોને સૂચના આપવામાં આવી છે કે જોઈ રહેણાંક, વ્યવસાયિક, હોસ્પિટલ, હોટેલ, લોજ, રેસ્ટોરન્ટ, શૈક્ષિણિક સંસ્થા અથવા અન્ય કોઈ પ્રકારનું બાંધકામ વિકાસ પરવાનગી મેળવ્યા વગર અથવા મંજુર નકશાથી વિપરીત બનાવવામાં આવ્યું હોય તો તેવા બાંધકામ સરકારના નિયમો અનુસાર નિયમિત કરવાની પ્રક્રિયા પૂર્ણ કરવી જરૂરી છે.

મહાનગરપાલિકાએ ચેતવણી આપી છે કે નિયમિતકરણ માટે પાત્ર હોવા છતાં સમયમર્યાદામાં અરજી ન કરનાર અથવા નિયમોનું પાલન ન કરનાર બાંધકામો સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેમાં અનઅધિકૃત બાંધકામોને દૂર કરવાની કાર્યવાહી પણ સામેલ રહેશે. સરકારના એસોપી મુજબ ૫૦ થી વધુ વ્યક્તિઓની અવરજવર અથવા ભેગા થવાની શકયતા ધરાવતા બાંધકામો જેવા કે મોલ, શોપિંગ સેન્ટર, કોમર્શિયલ કમ્પ્લેક્સ, હોટેલ, હોસ્પિટલ, ગેસ્ટ હાઉસ, રીક્ષિણિક સંસ્થાઓ, સમજિક હોલ તથા અન્ય જાહેર ઉપયોગના મકાનો માટે ખાસ માંર્ગદર્શિકા અમલમાં છે. આવા બાંધકામોના માલિકો અને ઉપયોગકર્તાઓએ સરકારના નિયમો મુજબ જરૂરી દસ્તાવેજો સાથે બાંધકામ નિયમિતકરણની પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. મહાનગર પાલિકાએ નાગરિકોને અનુરોધ કર્યો છે કે તેઓ સરકારશ્રીના નોટિફિકેશન અને એસોપી અનુસાર પોતાના બાંધકામોની સ્થિતિની તપાસ કરી સમસયર અરજી કરે. જરૂરી માહિતી અને માર્ગદર્શન માટે જામનગર મહાનગરપાલિકા ટાઉન પ્લાનિંગ શાખાનોસંપર્ક કરવા જાણવાયું છે.

## ખંભાળિયાના યુવાન ઉપર હુમલો કરવા સબબ શખ્સો સામે ફરિયાદ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયાના ધરારનગર વિસ્તારના રહેતા વિરમભાઈ લખમણભાઈ સરસિયા નામના ૨૨ વર્ષના યુવાન અહીં યોગેશ્વરનગર વિસ્તારમાંથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે કોઈ કારણોસર તેમને માર્ગમાં અટકાવી અને રવિ પાલા, ગોવિંદ પાલા, રાજુ પાલા, અને ભાયલો વકાતર નામના ચાર શખ્સોએ ઢીકાપાટુનો માર મારી, હાથમાં પહેરેલા કડા વડે ઇજાઓ કર્યાની ફરિયાદ અહીંના પોલીસ મથકમાં નોંધાવવામાં આવી છે.

## દ્વારકા નજીક ઈક્કો કારની ઠોકરે સ્કૂટર સવાર મામા-ભાણેજ ઈજાગ્રસ્ત

દ્વારકા નજીકના હાઈવે પર ખોડીયાર ચેક પોસ્ટ પાસેથી એક્ટિવા સ્કૂટર પર જઈ રહેલા વરજાંગભા ખેરાજભા માણેક તથા તેમની પાછળ બેઠેલા તેમના ભાણેજ રોહિત બહાદુરસિંહ સુમણીયા સાથેના આ એક્ટિવા સ્કૂટરને પૂરઝડપે અને બેફિકરાઈપૂર્વક આવી રહેલા જી.જે. ૩૭ બી.જી. ૬૩૧૧ નંબરના ઈક્કો મોટર કારના ચાલક હાર્દિક રમેશભાઈ ઉનાવા (રહે. અમરેલી) એ પાછળથી ઠોકર મારતા એક્ટિવા ચાલક વરજાંગભાને માથાના ભાગે હેમરેજ સહિતની નાની-મોટી ઇજાઓ સાથે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યારે એક્ટિવાની પાછળ બેઠેલા રોહિતને પણ સામાન્ય ઇજાઓ થવા પામી હતી. આ બનાવ અંગે દ્વારકા પોલીસે વરજાંગભાના ભાણેજ થોભણભા બહાદુરસિંહ સુમણીયાની ફરિયાદ પરથી હાર્દિક રમેશભાઈ ઉનાવા સામે જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધી, આગળની કાર્યવાહી કરી હતી.

## ખંભાળિયા, કલ્યાણપુરમાં દારૂ-બિયર સાથે ત્રણ ઝડપાયા

ખંભાળિયા તાલુકાના દખણાદા બારા ગામે રહેતા હરદીપસિંહ પ્રવિણસિંહ જાડેજા નામના ૨૨ વર્ષના શખ્સને વિદેશી દારૂની ચાર નાની બોટલ (ચપટા) સાથે સલાયા મરીન પોલીસે ઝડપી લીધો હતો. આ પ્રકરણમાં સપ્લાયર તરીકે જામનગરના યુવરાજસિંહ વિક્રમસિંહ જાડેજાનું નામ ખુલવા પામ્યું છે. કલ્યાણપુર પોલીસની કાર્યવાહીમાં કેનેડી ગામના જયેશ ટપુભાઈ કણજારીયાને રૂ. ૨,૨૦૦ ની કિંમતના બિયરના ૧૦ ટીન સાથે તથા રાવલ-હનુમાનધારના પાલા રાજુ સાઈસ નામના શખ્સને વિદેશી દારૂની એક બોટલ સહિત કુલ રૂ. ૨૧,૧૦૦ ના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યો હતો.

## કાલાવડના યુવકનું લોહીની ઉલ્ટી બાદ મોત

કાલાવડ તાલુકા મથકે ધોરાજી રોડ પર રહેતાં પિયુષભાઇ જેન્તીભાઇ હીરપરા (ઉ.વ.૩૮) નામના યુવાનને છેલ્લા છએક મહિનાથી લીવરની બિમારી હતી. દરમિયાન ગઇકાલે સવારે નવેક વાગ્યે યુવાનને લોહીની ઉલ્ટી થતાં સારવાર માટે તાત્કાલિક હોસ્પિટલ લઇ જવામાં આવ્યો હતો. જ્યાં સારવાર દરમિયાન યુવાનનું મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃત્તક યુવાનના પિતા જેન્તીભાઇ હીરપરાએ પોલીસને જાણ કરતાં કાલાવડ ટાઉન પોલીસ મથકના એએસઆઇ વી.ડી.ઝાપડિયા સહિતનો સ્ટાફ હોસ્પિટલ દોડી આવ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

## જામજોધપુરના કડબાલમાંથી જુગાર રમતા સાત શખ્સો ઝડપાયા

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકાના કડબાલ ગામે ખળખલી નદીના કાંઠે આવેલ હોકડામાં ખુલ્લા પટમાં ટોર્ચના અજવાળે તિનપત્તીનો જુગાર રમતાં જગમાલભાઇ લખુભાઇ ડાંગર (ઉ.વ.૩૩, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર), દેવસીભાઇ કરણાભાઇ કાંબરીયા (ઉ.વ.૩૫, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર), જગદીશભાઇ પરબતભાઇ ગંભીર (ઉ.વ.૨૪, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર), વિશાલભાઇ દેવસીભાઇ વરૂ (ઉ.વ.૨૫, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર), નીલેશભાઇ જેશાભાઇ ડાંગર (ઉ.વ.૨૭, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર), મુનાભાઇ વજસીભાઇ બેલા (ઉ.વ.૩૫, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર), જિગ્નેશભાઇ હરદાસભાઇ બરાઇ (ઉ.વ.૨૫, રહે.કડબાલ ગામ તા.જામજોધપુર જી.જામનગર) નામના સાત શખ્સોને રૂા.૧૧,૦૫૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## જામનગરની તિરૂપતિ સોસાયટીમાં પરિણિતાનો ગળેફાંસો ખાઇ આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ઢીંચડા રોડ પર તિરૂપતી-૧માં રહેતી ડીમ્પલબેન સિધ્ધાર્થભાઇ પરમાર (ઉ.વ.૨૨) નામની પરિણીતાએ ગત તા.૨૪-૬-૨૦૨૬ ના રોજ રાત્રિના દશેક વાગ્યાના સમયગાળા દરમિયાન પોતાના રહેણાંક મકાને કોઇ અગમ્ય કારણોસર છતના પંખમાં ચૂંદડી બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરવાનો પ્રયાસ કર્યો હતો. જેથી તેને તાત્કાલિક સારવાર માટે શહેરની જી.જી.હોસ્પિટલ લઇ જવામાં આવી હતી. જ્યાં એક દિવસ સારવાર બાદ ગઇકાલે તેણીનું હોસ્પિટલના બિછાને મોત નિપજ્યું હતું. આ બનાવ અંગે મૃત્તકના પતિ સિધ્ધાર્થ શરદભાઇ પરમારે પોલીસને જાણ કરતાં સિટી સી ડિવિઝન પોલીસ મથકના પીએસઆઇ આર.કે.ખલીફા સહિતનો પોલીસ સ્ટાફ જી.જી.હોસ્પિટલ ખાતે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે ઊંડાણપૂર્વકની તપાસ હાથ ધરી છે.

**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**
સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.
નોટરીને લગતાં કામ માટે મળો
**અભિજીત જયંતકુમાર દવે**
મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯

## અનુસંધાન

### ચાર સ્થળે માથાકુટ

(પાના નં. ૪ થી આગળ)

પર સાતથી આઠ લોકોના ટોળાએ અચાનક પથ્થરમારો કર્યો હતો. હુમલામાં ઇજાગ્રસ્ત થયેલા ઇકબાલભાઈને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવ અંગે પોલીસે તપાસ હાથ ધરી છે.

### છેતરપિંડીનો ભેદ

(પાના નં. ૪ થી આગળ)

સૌપ્રથમ સોનાની દુકાનોની રેકી (નજર) કરતો હતો. ત્યારબાદ તે દુકાને જઈને પોતાનું ખોટું નામ આપતો અને 'મોઢા પર ઈજા થઈ છે' તેવું બહાનું બતાવીને માસ્ક પહેરી રાખતો જેથી સીસીટીવી કે ઓળખ ન થાય. એ પછી તે સોની વેપારીને વાતોમાં ભેળવી સોનાની વસ્તુઓ ખરીદવાનું કહી અન્ય દાગીના બતાવવા માટે કહેતો હતો. વેપારી જ્યારે અન્ય દાગીના લેવા કે મૂકવા જાય તે સમયનો લાભ ઉઠાવીને તે સોનાની કિંમતી વસ્તુઓ લઈને રફુચક્કર થઈ જતો હતો. હાલ પોલીસે આરોપીની વિધિવત ધરપકડ કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

### સ્થાયી સમિતિ

(પાના નં. ૪ થી આગળ)

કમિશ્નરે રજુ કરેલી દરખાસ્ત અન્વયે રૂા.૧૨.૭૦ લાખનો ખર્ચ મંજુર કરાયો છે. ખાસ કરીને જામનગર મહાનગરપાલીકાના તમામ વોર્ડમાં આવેલી તમામ પ્રકારની સ્ટ્રીટ લાઈટ તથા જુદી જુદી ઓફીસ પ્રિમાઇસીસ, કમ્પાઉન્ડ વગેરે સ્થળોએ આવેલી તમામ સ્ટ્રીટલાઇટ તથા હાઈમાસ્ટ ટાવર, સીસીએમએસ પેનલ, કન્ટ્રોલ પેનલ સ્વીચીંગ ઓન ઓફ, નાઇટ પેટ્રોલીંગ સાથે કોમ્પ્રીહેન્સીવ નિભાવ અને મરામત માટે ૫ વર્ષના કામના ખર્ચનો સૈધ્ધાંતીક સ્વીકાર કરી પ્રથમ વર્ષ માટે રૂા.૫.૫૮ કરોડના ખર્ચને બહાલી આપવામાં આવી હતી.

સાથે સાથે જામનગર મહાનગરપાલીકાની આરોગ્ય શાખા હસ્તકના મલેરીયા વિભાગની વિવિધ કામગીરી સબબ આઉટસોસીંગ એજન્સી મારફત બે વાહન સપ્લાય કરવાના કામ માટે અગાઉની સ્ટેન્ડીંગ કમિટીમાં કમિશ્નરની થયેલી દરખાસ્ત અન્વયે રૂા. ૯.૨૩ લાખનો ખર્ચ મંજુર કરાયો હતો, આમ જુદા જુદા કામ માટે કુલ રૂા. ૬.૧૪ કરોડના ખર્ચને મંજુરી આપવામાં આવી હતી.

### પ્રતિબંધિત દવા

(પાના નં. ૩ થી આગળ)

એ થયો છે કે આ દવાની હેરાફેરી માટે જે લાખો રૂપિયાના બિલો બનાવવામાં આવ્યા હતા, તેના પર કોઈ ટેક્સ નંબર જ નહોતો. આ બાબત સીધેસીધી કરોડો રૂપિયાની ટેક્સ ચોરી અને મોટા આર્થિક કૌભાંડ તરફ ઈશારો કરે છે. આ ગંભીર નાણાકીય અનિયમિતતાને કારણે હવે જીએસટી વિભાગ પણ આ સમગ્ર તપાસમાં સત્તાવાર રીતે જોડાય તેવી પૂરેપૂરી શક્યતા છે. હાલમાં પોલીસ દ્વારા રાજ્યના જુદા-જુદા શંકાસ્પદ સ્થળો અને શહેરોમાં કડક ચેકિંગની કાર્યવાહી ચલાવવામાં આવી રહી છે, જેથી આ રેકેટના મૂળ સુધી પહોંચી શકાય.

### જામનગરમાં પેપર લીક

(પાના નં. ૩ થી આગળ)

જામનગર શહેર કોંગ્રેસ પ્રમુખ દિગુભા જાડેજા અને જિલ્લા પ્રમુખ મનોજભાઈ કથીરીયાની આગેવાનીમાં આ કાર્યક્રમ તબક્કાવાર યોજીને પેપર લીક કૌભાંડો સામે જનજાગૃતિ લાવવામાં આવશે.

બીજી તરફ, આમ આદમી પાર્ટી (અઅડ) ના ફાયરબ્રાન્ડ નેતા અને ધારાસભ્ય ચૈતરભાઈ વસાવા તેમજ અન્ય કાર્યકરોને ખોટા કેસમાં ફસાવી, સાત વર્ષની સજા કરાવીને તેમનું ધારાસભ્ય પદ છીનવી લેવાની ભાજપ સરકારની કથિત તાનાશાહી અને મેલી મુરાદ સામે પણ ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. ગુજરાત પ્રદેશ 'આપ' પ્રમુખ ઈશુદાન ગઢવીની કડક સૂચના અને માર્ગદર્શન હેઠળ સમગ્ર રાજ્યમાં જિલ્લા તથા તાલુકા કક્ષાએ વિરોધ પ્રદર્શનો યોજવામાં આવ્યા હતા. આ રાજકીય કિન્નાખોરીના વિરોધમાં આમ આદમી પાર્ટીના કાર્યકરો અને આગેવાનો દ્વારા વિવિધ વિસ્તારોમાં વિશાળ 'સ્પોર્ટ્સ માર્ચ' યોજીને સરકારની નીતિઓ સામે જોરદાર વિરોધ નોંધાવ્યો હતો.

### ડ્રગ્સ માફિયા

(પાના નં. ૧ થી આગળ)

છે અને કોર્ટે તેના ૭ દિવસના રિમાન્ડ મંજૂર કર્યા છે. એટીએસની તપાસમાં ખુલાસો થયો છે કે મૂળ રાજસ્થાનનો અને હાલ વલસાડના પારડીમાં રહેતો આરોપી પરેશ જૈન અંકલેશ્વરમાં 'સીમા ફાર્મા' નામે કંપની ધરાવે છે. તે 'ન્યુ મહાવીર મેડિકલ' ના નામે ખોટા ટેક્સ ઇન્વોઇસ (બિલ) બનાવીને મે-૨૦૨૬ થી અત્યાર સુધીમાં ૨૫ અલગ-અલગ બેચમાં કુલ ૬૨ લાખ ૫૪ હજાર ટ્રામાડોલ ટેબલેટ્સ રાજસ્થાન અને ઉત્તર પ્રદેશ સપ્લાય કરી ચૂક્યો છે. આરોપી અગાઉ પણ ઉત્તરાખંડના હરિદ્વાર અને મહારાષ્ટ્રના થાણેમાં કોડીન કફ સિરપના કેસમાં તેમજ ગયા મહિને વાપીમાં પકડાયેલા ૨.૩૮ કિલો મેફેડ્રોન કેસમાં સંડોવાયેલો હતો. ડ્રગ્સ માફિયાઓ હવે ટ્રાન્સપોર્ટ સિસ્ટમ અને ખોટા દસ્તાવેજોનો ઉપયોગ કરી રહ્યા હોવાથી એજન્સીઓ હવે આ સમગ્ર નેટવર્કના નાણાકીય વ્યવહારોની ઊંડી તપાસ કરી રહી છે.

### અયોધ્યા રામ મંદિર

(પાના નં. ૧ થી આગળ)

સમાચાર ફેલાવવામાં આવ્યા હતા. ટ્રસ્ટે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથના નિર્દેશ પર રચાયેલી સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમને એવી વસ્તુઓની યાદી આપી હતી જે સોશિયલ મીડિયા પર થઈ રહેલા દાવાઓને ખોટા સાબિત કરે છે. રાજુ માંડવાની દ્વારા દાનમાં આપવામાં આવેલી ઇંટો સિક્યોરિટી પ્રિન્ટિંગ એન્ડ મિન્ટિંગ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાને પીગાળવા માટે મોકલવામાં આવી હતી. આ યાદી પર ટ્રસ્ટ અને કોર્પોરેશનના અધિકારીઓ દ્વારા સહી કરાયેલ છે.

આ યાદીના પાના નંબર ૧ના ક્રમાંક ૯૬ પર બોક્સ સંખ્યા ૧૦ થી ૧૭ માં ચાંદીની ઇંટો પીગળવાનો ઉલ્લેખ છે. ચાંદીની ઇંટો ટ્રસ્ટની કસ્ટડીમાં હતી અને પીગળી ગઈ હતી. ઇંટ ચોરીના દાવા ખોટા છે.

જંઈઝ રિપોર્ટમાં જણાવાયું છે કે ટીનુ પાસે ઓર્ડર વિના હુંડિયોની ચાવીઓ હતી. દરમિયાન ટ્રસ્ટને ઘણા સમય પહેલા ચોરીની શંકા હતી. સપ્ટેમ્બર ૨૦૨૪ અને ફેબ્રુઆરી ૨૦૨૫ માં ટ્રસ્ટ અને બેંક વચ્ચેની બેઠકોમાં એસઓપી બનાવવામાં આવી હતી. સ્ટેટ બેંકનું પ્રતિનિધિત્વ કરતા ગોવિંદ મિશ્રા અને ટ્રસ્ટનું પ્રતિનિધિત્વ કરતા અનિલ મિશ્રાએ રેકોર્ડ પર સહી કરી હતી. એસઆઇટી રિપોર્ટમાં એમ પણ જણાવાયું છે કે ગણતરી પ્રક્રિયામાં એસઓપીનું પાલન કરવામાં આવ્યું ન હતું, અને ઇરાદાપૂર્વકની બેદરકારી જોવા મળી હતી.

અયોધ્યાના રામ મંદિર ચઢાવા ચોરી કેસમાં વિશેષ તપાસ ટીમના રિપોર્ટ બાદ એક મોટો રાજકીય અને વહીવટી ભૂકંપ આવ્યો છે, જેમાં ચઢાવાની ગણતરી માટે સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને ટ્રસ્ટ વચ્ચે બનેલી એસઓપીનું જાણીજોઈને ગંભીર ઉલ્લંઘન કરાયું હોવાનું અને આરોપી ટિન્નુ યાદવ પાસે કોઈ સત્તાવાર આદેશ વિના દાન પાત્રની ચાવીઓ રહેતી હોવાનો ચોંકાવનારો ખુલાસો થયો છે. આ સમગ્ર કૌભાંડની નૈતિક જવાબદારી સ્વીકારતા શ્રી રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય અને ટ્રસ્ટી અનિલ મિશ્રાએ પોતાના પદો પરથી રાજીનામા ધરી દીધા છે, જ્યારે બીજી તરફ પોલીસે એસઆઈટીની ભલામણના આધારે કસ્ટડી મેનેજમેન્ટ સાથે જોડાયેલા તમામ ૮ આરોપીઓની ધરપકડ કરી લીધી છે. આ સંવેદનશીલ મુદ્દે મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે શુક્રવારે કડક આદેશ આપતા સ્પષ્ટ કર્યું છે કે જનતાની આસ્થા સાથે ખીલવાડ કરનારા કોઈપણ દોષિતોને બક્ષવામાં નહીં આવે, જ્યારે વિરોધ પક્ષોએ આ મામલે ટ્રસ્ટના વરિષ્ઠ પદાધિકારીઓની જવાબદારી નક્કી કરવા મુદ્દે સરકાર સામે સવાલો ઉઠાવ્યા છે.

### ભારતની આર્થિક તાકાત

(પાના નં. ૧ થી આગળ)

ભાવ વધવાને કારણે ભારતનો ગોલ્ડ રિઝર્વ એક જ સપ્તાહમાં ૪.૧ અબજ યુએસ ડોલરની પ્રચંડ ગતિ સાથે વધીને ૧૦૭ અબજ યુએસ ડોલરને પાર થઈ ગયો છે. સોનાના આ મજબૂત સપોર્ટને કારણે જ વિદેશી કરન્સી એસેટ્સ અને એસડીઆરમાં થયેલા ઘટાડા છતાં ભારત એકંદરે મોટા નફામાં રહ્યું છે.

આર્થિક વિશ્લેષકોના મતે, ૬૭૨ અબજ ડોલરથી વધુનો આ વિદેશી હૂંડિયામણ ભંડાર ભારતીય રૂપિયાને આંતરરાષ્ટ્રીય સ્તરે ઘસાતો અટકાવવામાં સેન્ટ્રલ બેંકને મોટી તાકાત આપશે. આટલો વિશાળ ભંડાર દેશમાં આવનારા આશરે એક વર્ષથી વધુ સમયના આયાત બિલને ચૂકવવા માટે સંપૂર્ણ સક્ષમ છે. આ ઐતિહાસિક સિદ્ધિને કારણે વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો અને વૈશ્વિક રેટિંગ એજન્સીઓનો ભારતીય બજાર પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બનશે.

### ગૃહમંત્રી અમિત શાહ

(પાના નં. ૧ થી આગળ)

માનવામાં આવે છે. ભારત ટેક્સી પહેલ અગાઉ સહકારી મોડલ હેઠળ શરૂ કરાઈ હતી અને તેમાં ડ્રાઈવર કેન્દ્રિત માળખા પર ભાર મૂકાયો હતો.આ બે દિવસીય ગુજરાત પ્રવાસ દરમિયાન તેઓ રાજ્યમાં વિવિધ વહીવટી, જાહેર અને વિકાસલક્ષી કાર્યક્રમોમાં ભાગ લેશે.

પ્રવાસ દરમિયાન શનિવારે તેઓ ચાર અલગ-અલગ સ્થળોએ કાર્યક્રમો અને બેઠકોમાં હાજરી આપશે. દિવસની શરૂઆત સવારે ૧૧ વાગ્યે ગાંધીનગરના મહાત્મા મંદિરથી સહકાર આધારિત ટેક્સી સેવાના શુભારંભ સાથે થશે. ત્યારબાદ બપોરે ૧ વાગ્યે ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે મહત્વપૂર્ણ બેઠક યોજાશે, જેમાં જિલ્લા વિકાસ, સંકલન અને મોનિટરિંગ કમિટીની કામગીરી અને વિવિધ વિકાસલક્ષી મુદ્દાઓ પર ચર્ચા થવાની છે.

## વિરાણી ખીજડીયા ગામે જુગાર રમતા ૬ ઝડપાયા

**સમય સંદેશઃ ધ્રોલ**

ધ્રોલના વિરાણી ખીજડીયા ગામથી ખેંગારકા ગામ જવાના રસ્તે રામદેવપીરના મંદિર પાસે જાહેરમાં ગંજીપાનાનો જુગાર રમી રહેલાં ભાવેશભાઇ રમેશભાઇ પરમાર (ઉ.વ.૨૨, રહે.અણીયારા ગામ તા.જી.રાજકોટ), ગંગારામભાઇ પુરણદાસ સોલંકી (ઉ.વ.૩૮, રહે.વિરાણી ખીજડીયા ગામ તા.ધ્રોલ જી.જામનગર), દેવજીભાઇ ધનાભાઇ જાદવ (ઉ.વ.૪૮, રહે.જાળીયા માનસર ગામ તા.ધ્રોલ જી.જામનગર), મોતીરામ લાલદાસ પરમાર (ઉ.વ.૫૭, રહે.વિરાણી ખીજડીયા ગામ તા.ધ્રોલ જી.જામનગર), છોટાલાલ ભીખાભાઇ ડાંગર (ઉ.વ.૫૧, રહે.જાળીયા માનસર ગામ તા.ધ્રોલ જી.જામનગર), લક્ષ્મીદાસ પુરણદાસ સોલંકી (ઉ.વ.૪૫, રહે.વિરાણી ખીજડીયા ગામ તા.ધ્રોલ જી.જામનગર) નામના છ શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો પાસેથી રૂા.૫૯૬૦ ની રોકડ જમ કરી તમામ સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# જામનગરમાં બૌદ્ધ સમુદાયની એક દિવસીય ભૂખ હડતાળઃ બુદ્ધ વિહાર મુક્તિ માટે દેશવ્યાપી આંદોલન






તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

બૌદ્ધ ધર્મના પવિત્ર આસ્થા કેન્દ્ર એવા બિહારના 'બોધિગયા' સ્થિત મહાબોધિ બુદ્ધ વિહારને મુક્ત કરાવવા અને તેની સંપૂર્ણ વહીવટી સત્તા બૌદ્ધ ધર્મના વડાઓને સોંપવાની માંગ સાથે આજે જામનગરમાં આંદોલનના મંડાણ થયા છે. દેશવ્યાપી આંદોલનના ભાગરૂપે આજે જામનગરના લાલ બંગલા વિસ્તાર ખાતે બૌદ્ધ સમુદાય દ્વારા એક દિવસીય પ્રતિકાત્મક ભૂખ હડતાળ યોજવામાં આવી હતી. ગઈકાલે સવારથી જ જામનગરના લાલ બંગલા સર્કલ પાસે બૌદ્ધ સમુદાયના લોકો મોટી સંખ્યામાં એકઠા થયા હતા. 'ઓલ ઈન્ડિયા બૌદ્ધિસ્ટ ફોરમ'ના નેજા હેઠળ આંદોલનકારીઓએ એકત્રિત થઈને પોતાની ધાર્મિક અને ન્યાયી માંગણીઓ સરકાર સુધી પહોંચાડવા માટે શાંતિપૂર્ણ રીતે સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન શરૂ કર્યું હતું. આંદોલનકારીઓની મુખ્ય માંગણી એ છે કે, વિશ્વભરના બૌદ્ધ ધર્મીઓ માટે સર્વોચ્ચ મહત્વ ધરાવતા બોધિગયાના બુદ્ધ વિહાર પરનો વહીવટી કબજો અન્ય સમુદાયો પાસેથી હટાવી લેવામાં આવે. આ ઐતિહાસિક અને પવિત્ર ધાર્મિક સ્થળનું વ્યવસ્થાપન સંપૂર્ણપણે બૌદ્ધ સમુદાય અને તેમના ધર્મગુરુઓની પરંપરા મુજબ જ થવું જોઈએ, જેથી તેની પવિત્રતા જળવાઈ રહે.

# જામનગર જિલ્લાના ૨૫ માંથી ૧૨ ડેમો તળીયા ઝાટક

## જિલ્લાના અન્ય ડેમોમાં પાણીનો જથ્થો માત્ર ૧૩.૭૧ ટકાઃ અમુક ગામોમાં ટેન્કરના ફેર શરૂ

**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૫માં ૨૩મી જુનના રોજ પ્રથમ વરસાદમાં જ રણજીતસાગર ડેમ ઓવર ફ્લો થવા સાથે સારા ચોમાસાની શુઆત થઈ હતી. જે સામે આ વર્ષે જુદા સંજોગો છે. ખેડુતો આકાશ સામે મીટ માંડીને બેઠા છે. આ દરમિયાન જન જીવનની દૈનિક પાણીની જરીયાતને પહોંચી વળવા તંત્ર પસીનો પાડી રહ્યું છે. જામનગર જિલ્લામાં તા ૨૪ જુન સુધીની સ્થિતિની વાત કરીએ તો ગત વર્ષે જે તમામ ઓવર ફૂલો થયેલા હતા તે ૨૫ ડેમોમાંથી ૧૨ ડેમો સંપુર્ણ ખાલી થઈ ચુક્યા છે.

જિલ્લામાં પાણીનો જથ્થો માત્ર ૧૩.૭૧ ટકા છે. ત્યારે વેળાસર વરસાદ નહીં આવે તો તંત્રની કસોટી થવાના સંજોગો સર્જાય તેવી વકી છે. હાલ પાણી પુરવઠા વિભાગે ધ્રોલના ખારવા અને રાજપર ગામે દૈનિક બે-બે ફેરાના ધોરણે ટેન્કરોના ફેરા ચાલુ કર્યા છે. જામનગર શહેર માટે તો મહાનગરપાલિકાનું તંત્ર દૈનિક ૧૫૫ લાખ લીટર પાણીની વ્યવસ્થા કરે છે. જે વ્યવસ્થા કરવા માટે સાડા આઠ માસ પહેલા એટલે કે, તા.૨ ઓક્ટોબર-૨૦૨૫ના દશેરાના દિવસથી અડધા શહેરમાં શ કરાયેલું પાણી વિતરણ હવે બંધ થવામાં છે. ત્યારે જિલ્લાના ગામડાઓની વાત કરીએ તો જિલ્લાના ૪૨૭ગામોમાંથી અડધાથી વધુ એટલે કે, ૨૧૭ ગામો નર્મદાના નીર ઉપર આધારિત થયા છે.

ડેમો આધારિત જુથ યોજનામાંથી ૫૪ ગામો પાણી મેળવે છે. જે ગામોને પોતાના કુવા અને તલાવડીઓ, ચેકડેમો કે બોર છે. તેવા પાણી માટે આત્મનિર્ભર ગામોની સંખ્યા ૧૫૪ છે. જ્યારે હાલ પુરતું તો ધ્રોલ તાલુકામાં બે ગામોએ ટેન્કર ચાલુ કરવા પડયા છે. ગત વર્ષે સારા વરસાદના પરિણામે જિલ્લાના તમામ ૨૫ ડેમો ઓવરફ્લો થયા હતા અને ઓક્ટોબર સુધી વરસાદ આવતો રહેતાં સંખ્યાબંધ ડેમો પુનઃ છલકાવાની સ્થિતિ જોવા મળી હતી. જે સામે ચાલુ વર્ષે વરસાદ ખેંચાતા ખેડુતોએ આકાશ જિલ્લાના ડેમો ભણી આશાભરી મીટ માંડી છે. જિલ્લાના ડેમોમાં વાસ્તવિક સ્થિતિ છે. હાલ ૧૩.૭૧ ટકા જથ્થો જ ઉપલબ્ધ છે.

# દ્વારકાના ખંભાળિયામાં પ્રતિબંધિત દવા અંગે તપાસઃ માંઢા ગામેથી ૮૦ લાખનો જથ્થો મળ્યા બાદ પોલીસની કાર્યવાહી શરૂ

**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તાલુકાના માંઢા ગામેથી તાજેતરમાં એસ.ઓ.જી. પોલીસે એક ખાનગી વાહનમાં લઈ જવાતો ૮૦ લાખની કિંમતનો પ્રતિબંધિત દવાનો મોટો જથ્થો ઝડપી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.




આ ચકચારી મામલે સત્તાવાર પોલીસ ફરિયાદ નોંધાયા બાદ કૌભાંડમાં સામેલ તમામ આરોપીઓને દબોચી લેવા માટે ચક્રો ગતિમાન કરાયા છે. જિલ્લા પોલીસ વડા જયરાજસિંહ વાળા અને ડીવાયએસપી મિત રુદલાલના સીધા માર્ગદર્શન હેઠળ એસ.ઓ.જી. પી.આઈ. વિક્રમસિંહ અજીતસિંહ રાણા તેમજ પી.એસ.આઈ. ડી.એ. વાળાની આગેવાનીમાં જુદી-જુદી ટીમો તૈયાર કરવામાં આવી છે. આ ટીમો હાલ અલગ-અલગ શહેરોમાં ધામા નાખીને આરોપીઓની સઘન શોધખોળ ચલાવી રહી છે. પ્રાથમિક તપાસમાં એક ચોંકાવનારો ખુલાસો

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં જાહેરમાં કારમાં છરી સાથે નિકળેલા શખ્સની ધરપકડ

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના સુભાષ શાક માર્કેટ વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતું. ત્યારે સજુબા ગર્લ્સ સ્કૂલ તરફથી શંકાસ્પદ હાલતમાં આવી રહેલી કાળા કાચવાળી હ્યુન્ડાઇ ક્રેટા કારને અટકાવી તપાસ કરતાં ચાલક અબ્દુલકાદીર ઇકબાલભાઈ શેખ (ઉ.વ. ૨૦ રહે. લાખાજીરાજ સમ્રજીવી સોસાયટી, દુધસાગર ડેરી રોડ, હૈદરી ચોક, રાજકોટ)ના કબજામાંથી પ્લાસ્ટિકના હાથાવાળી ધારદાર છરી મળી આવી હતી.



તસવીરઃ હિરેન ગાંધી

પોલીસે રૂ. ૧૦ કિંમતની છરી તથા અંદાજે રૂ. ૫ લાખ કિંમતની હ્યુન્ડાઇ ક્રેટા કાર (રજિ. નં. GJ-03-PM-8607) કબ્જે કરી હતી. બનાવ અંગે પોલીસ કોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ ધનશ્યામસિંહ ડોડીયાની ફરિયાદના આધારે ગુનો નોંધી આરોપીની અટકાયત કરી વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. પોલીસે જાહેર અપીલ કરતાં જણાવ્યું છે કે જાહેરમાં અથવા વાહનમાં કોઈપણ પ્રકારનું હથિયાર લઈને ફરતા વ્યક્તિઓ સામે કડક કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે.

આ કામગીરી પીઆઈ વી.એમ.ડોડીયા તથા એ.એસ.આઇ. નરેન્દ્રસિંહ ખુમાનસિંહ ઝાલા તથા મહીપાલસિહ મયુરસિંહ જાડેજા તથા રવીરાજસિહ અનીરૂદ્ધસિંહ જાડેજા તથા કોન્સ્ટેબલ સુનિલભાઇ અરજણભાઇ ડેર તથા વિપુલભાઇ જગદીશભાઇ સોનગરા તથા મહેશભાઇ ધુડાભાઇ મોરી, હરપાલસિંહ ભરતસિંહ પરમાર, શૈલેષભાઇ કાંતીલાલ ઠાકરીયા, હીતેષભાઇ રાણાભાઇ સાગઠીયા તથા વિજયભાઈ બળદેવભાઈ કાનાણી, યોગેન્દ્રસિહ નીરુભા સોઢા, મહેન્દ્રસિંહ વનરાજસિંહ ચુડાસમા તથા પો.કોન્સ. રાજેન્દ્રસિંહ ધનશ્યામસિહ ડોડીયા તથા રૂષીરાજસિહ લાલુભા જાડેજા તથા કીશોરભાઇ ભુટાભાઇ ગાગીયા તથા દીવ્યરાજસિહ નવલસિંહ જાડેજા દ્વારા કરાઇ હતી.

# લાલપુર તાલુકામાં નદી અને ચેક ડેમોમાં મંજૂરી વગર વીજથાંભલા નાખવા સામે નોંધાવાતો વિરોધ

**સમય સંદેશઃ લાલપુર**

જામજોધપુર અને લાલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વહેતી નદીઓ અને સરકારી ચેકડેમોમાં ખાનગી તેમજ સરકારી વીજ કંપનીઓ દ્વારા કોઈ પણ પ્રકારની પૂર્વ મંજૂરી વગર ગેરકાયદેસર રીતે ઊંચી ક્ષમતાના વીજ પોલ ઊભા કરી દેવામાં આવતા સ્થાનિક ખેડૂતો અને ગ્રામજનોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

લાલપુર તાલુકાના નંદુરી ગામના રહેવાસી જયેશકુમાર રામાભાઈ નંદાણીયા દ્વારા જામજોધપુર પંચાયત સિંચાઈ પેટા વિભાગના નાયબ કાર્યપાલક ઈજનેરને લેખિત રજૂઆત કરવામાં આવી હતી કે, વિવિધ કંપનીઓ જેવી કે એન.ટી.પી.સી. અને સમરથ એનજી લિમિટેડ દ્વારા રીઝપર ગામની સીમમાં આવેલી શિયારીયો નામની નદી અને સરકારી ચેકડેમની અંદર આશરે ૧૮ જેટલા વીજ પોલ ઊભા કરવાનું કામ ગેરકાયદેસર રીતે હાથ ધરવામાં આવ્યું છે.

આ નદી અને ચેકડેમના પાણીનો ઉપયોગ રીઝપર અને નાંદુરી ગામના સ્થાનિક લોકો પીવા, નાહવા-ધોવા તેમજ પશુઓને પાણી પાવા અને ખેતીના સિંચાઈ માટે કરે છે. ચોમાસા દરમિયાન પાણી ભરાવાના કારણે ચેકડેમમાં વીજ પોલ હોવાથી શોર્ટ-સર્કિટ થવાનું અને માનવ તેમજ પશુધનના જીવનું મોટું જોખમ ઊભું થયું છે. આ મામલે સિંચાઈ વિભાગની કોઈ મંજૂરી લેવાઈ ન હોવાનું સામે આવ્યું છે.

ધરમપુર ગામમાં એન.ટી.પી.સી. કંપની દ્વારા ગામની નદીમાં, જયાં ૬ થી ૮ ફૂટ પાણી ભરેલું રહે છે ત્યાં ગેરકાયદેસર રીતે ૨૨૦ કે.વી. વોલ્ટની ૩ ટ્રાન્સમિશન લાઈનો માટેના પોલ ઊભા કરી દેવાયા હોવાની બાબત સત્તાવાર રીતે સામે આવી છે.આ ગંભીર બેદરકારી સામે સિંચાઈ વિભાગના ટેકનિકલ સ્ટાફ દ્વારા સ્થળ મુલાકાત લેવામાં આવી હતી અને અહેવાલના આધારે નાયબ કાર્યપાલક ઈજનેર, પંચાયત સિંચાઈ પેટા વિભાગ, જામજોધપુર દ્વારા વીજ કંપનીને પત્ર પાઠવીને સાત દિવસની અંદર આ ગેરકાયદેસર વીજ લાઈન અને પોલ હટાવી લેવા અથવા અન્યત્ર શિફ્ટ કરવા માટે કડક નોટિસ આપવામાં આવી છે.

જો કંપની દ્વારા આપેલા સમયગાળામાં કામગીરી કરવામાં નિષ્ફળ જશે, તો આગામી દિવસોમાં વહીવટી તંત્ર દ્વારા કાયદેસરની કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવું પણ જાહેર કરવામાં આવ્યું છે.

# લાલપુર તાલુકા પંચાયતમાં નવા-જૂની થવાના એંધાણ

**સમય સંદેશઃ લાલપુર**

લાલપુર તાલુકા પંચાયતની ૧-આરબલુસ બેઠક અને ૧૪-પીપસ્ટોડા બેઠક પરથી આમ આદમી પાર્ટીની ટિકિટ પર આ બંને સદસ્યો ચૂંટાયા હતા. જો કે, તાજેતરમાં યોજાયેલી તાલુકા પંચાયત પ્રમુખની ચૂંટણીમાં આ બંને સદસ્યોએ પક્ષના સત્તાવાર વ્હીપ અને સિદ્ધાંતોનો સરેઆમ અનાદર કર્યો હતો. તેઓ પક્ષ વિરોધી પ્રવૃત્તિમાં સામેલ થઈને, ભારતીય જનતા પક્ષના મેન્ડેટ પર પ્રમુખ પદની ચૂંટણી લડ્યા હતા અને વિરોધીઓનું સમર્થન મેળવ્યું હતું.

આમ આદમી પાર્ટીએ આ પ્રકારની અનૈતિક અને લોકશાહી વિરોધી પ્રવૃત્તિ સામે કડક વલણ અપનાવ્યું છે. પક્ષના જણાવ્યા અનુસાર, જનતાએ આપેલા પવિત્ર જનાદેશ અને પક્ષ પર મૂકેલા ભરોસાનો દુરુપયોગ સહેજ પણ ચલાવી લેવાશે નહીં. અઅડના કાનૂની નિષ્ણાતો દ્વારા આ કેસની મજબૂત પેરવી કરવામાં આવી રહી છે અને સક્ષમ સત્તાધિકારી સમક્ષ આ કેસની ફાસ્ટ-ટ્રેક સુનાવણી થાય તેવા પ્રયાસ શરૂ કરયા છે, જેથી વહેલી તકે દૂધનું દૂધ અને પાણીનું પાણી થઈ જાય. જો આ પક્ષાંતર ધારા હેઠળનો કેસ વહેલી તકે ચલાવીને તેનો ચુકાદો ઝડપથી લાવી દેવામાં આવે, તો કાયદાકીય રીતે આ બંને સદસ્યોનું સભ્યપદ રદ થઈ જશે. સભ્યો ગેરલાયક ઠરતાની સાથે જ લાલપુર તાલુકા પંચાયતનું વર્તમાન માળખું ખોરવાઈ જશે.

# જામનગરમાં પેપર લીક મુદ્દે કોંગ્રેસનો 'છાત્ર-ગુંજ' સંવાદ, તો ચૈતર વસાવાના સમર્થનમાં AAPની 'સ્પોર્ટ્સ માર્ચ'

## શિક્ષણના વ્યાપારીકરણ સામે કોંગ્રેસ યુવાઓ સુધી પહોંચશે; ધારાસભ્ય પદ છીનવી લેવાના ભાજપના પ્રયાસો સામે 'આપ'નો રાજ્યવ્યાપી વિરોધ




તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

નીટ પેપર લીક સહિતના વિવિધ પેપર લીક કાંડ અને શિક્ષણના થઈ રહેલા વ્યાપારીકરણના મુદ્દે હવે જામનગર શહેર અને જિલ્લામાં કોંગ્રેસ દ્વારા રાષ્ટ્રવ્યાપી કાર્યક્રમ 'છાત્ર-ગુંજ' અંતર્ગત યુવા વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ સાધવામાં આવશે. જામનગરના પ્રદેશ પ્રભારી અને પૂર્વ ધારાસભ્ય લલિતભાઈ વસોયાએ આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, નીટ પેપર લીકને કારણે દેશના ૨૨ લાખ વિદ્યાર્થીઓએ ભોગવવું પડ્યું છે, જ્યારે છેલ્લા ૧૦ વર્ષમાં દેશમાં ૮૯ પેપર લીકના બનાવો બન્યા છે જેનાથી વાલીઓનો પરીક્ષા પદ્ધતિ પરથી વિશ્વાસ ડગી ગયો છે. આગામી દિવસોમાં

અનુ પાના નં.૨ પર

# મનપા કમિશનરે બર્ધન ચોકમાં દબાણની સ્થિતિનું નિરીક્ષણ કર્યુંઃ ટ્રાફિક અને પથારાવાળાની સમસ્યા જાણવા પગપાળા મુલાકાત લીધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના કમિશનર દીપેશ કેડિયાએ શહેરના સૌથી વ્યસ્ત એવા બર્ધન ચોક, દરબાર ચોક અને કાલાવડ નાકા બહારના વિસ્તારોની પગપાળા મુલાકાત લીધી હતી. આ ઓચિંતી મુલાકાત દરમિયાન તેમણે સ્થાનિક સ્તરે ટ્રાફિક અને પથારાવાળા દ્વારા થતા ગેરકાયદેસર દબાણની ગંભીર સ્થિતિનું પ્રત્યક્ષ નિરીક્ષણ કર્યું હતું.

ઉલ્લેખનીય છે કે, આ વિસ્તારોમાં ટ્રાફિક અને પથારાવાળાની સમસ્યા લાંબા સમયથી સ્થાનિકો અને વેપારીઓ માટે કાયમી માથાનો દુખાવો બની ગઈ છે. આ અંગે બર્ધન ચોક વેપારી એસોસિએશન દ્વારા વહીવટી તંત્રને અનેક રજૂઆતો કરવામાં આવી હતી, જેમાં હજુ ત્રણ દિવસ પહેલા જ કલેક્ટરને પણ એક પત્ર લખીને ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

વેપારીઓની આ રજૂઆતને અત્યંત ગંભીરતાથી લઈને મનપા કમિશનર દીપેશ કેડિયાએ કોઈ પણ મોટા પ્રોટોકોલ કે લશ્કર વિના, એક સામાન્ય નાગરિકની જેમ જ સીધા સ્થળ પર જઈને પરિસ્થિતિની સમીક્ષા કરવાનું નક્કી કર્યું હતું. તેમણે રસ્તાઓ પર થતા દબાણો



તસવીરઃ હિરેન ગાંધી

અને તેના કારણે સર્જાતા ટ્રાફિક જામની સમસ્યાનો રૂબરૂ અનુભવ કર્યો હતો.

આ જટિલ સમસ્યાનો કોઈ અસ્થાયી નહીં પણ કાયમી ઉકેલ આવે તે હેતુથી કમિશનરે સ્થળ પર જ મનપાના સંબંધિત અધિકારીઓને જરૂરી અને કડક સૂચનો આપ્યા હતા. કમિશનરની આ આકસ્મિક અને કડક મુલાકાતથી ગેરકાયદેસર દબાણ કરનારા તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે, તો બીજી તરફ જામનગરના નાગરિકોમાં આ વર્ષો જૂની ટ્રાફિક સમસ્યામાંથી કાયમી મુક્તિ મળવાની એક નવી આશા જાગી છે.

# જામનગરમાં ઘરમાં ઘુસી વૃદ્ધની હત્યા કરનાર પડોશી યુવક ઝડપાયો

## જૂના મનદુઃખનો ખાર રાખી છરીના ઘા ઝીંકી વૃદ્ધની કરાઈ હતી હત્યાઃ પોલીસે રિમાન્ડ મેળવવા મેજીસ્ટ્રેટ સમક્ષ આરોપીને રજૂ કર્યો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના શરૂ શેકશન રોડ, ફીયોનીકા સોસાયટીમાં રહેતા રાજુ વજશીભાઇ વારોતરીયા નામના વેપારી યુવાને પોતાના દાદા દેવાયતભાઇ રામશીભાઇ વરોતરીયા (ઉ.વ.૮૦) ની હત્યા મામલે પાડોશમાં રહેતા આરોપી સાગર મારખીભાઇ વસરા (રહે.ફીયોનીકા સોસાયટી) સામે નોંધાવેલી ફરિયાદમાં જણાવાયા અનુસાર અગાઉ આરોપી અને ફરિયાદી સામસામે રહેતા હતા. જે તે વેળાએ (૩ વર્ષ અગાઉ) આરોપી સાગર વસરા ફરિયાદીના દાદા દેવાયતભાઇની મસ્તી કરતા બંને વચ્ચે બોલાચાલી થઇ હતી.

જેનું સમાધાન પણ થયું અને ફરિયાદીએ તે મકાન ખાલી કરી સોસાયટીમાં આગળ મકાન લઇ ત્યાં



તસવીરઃ હિરેન ગાંધી

રહેવા ગયા હતા. આ બોલાચાલીના અગાઉના મનદુખને લઇને તા.૨૪ જુનના રોજ આરોપી છરી સાથે ફરિયાદીના ઘરે આવ્યો અને ફળિયામાં ખાટલા પર સૂતેલા દેવાયતભાઇ પર છરીથી હુમલો કર્યો હતો. ફરિયાદી રાજુભાઇ બાથરૂમમાં નહાવા ગયા હતા અને પરિવારના અન્ય સભ્યો ઘરમાં ટીવી જોતાં હતા આ વેળાએ પહોંચેલા આરોપીએ ખૂની હુમલો કરતાં દોડધામ મચી ગઇ હતી. આ વેળાએ દેકારો બોલી જતા લોકો એકઠા થતાં આરોપી નાસી છૂટયો હતો.

આથી દેવાયતભાઇને ૧૦૮ મારફતે લોહીલુહાણ હાલતમાં જામનગરની જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. જ્યાં મોત થયાનું સામે આવતા બનાવ હત્યામાં પલટયો હતો આરોપીને પણ હાથમાં ઇજા થતા હોસ્પિટલ ખસેડાયો હતો. જેની પ્રાથમિક સારવાર બાદ પોલીસે આરોપીને તાત્કાલીક પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખીરી પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત લેતા કલેકટર



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લા કલેકટર પી.બી.પંડ્યા જોડીયા તાલુકાના ખીરી ગામે પ્રાથમિક શાળાના મધ્યાહન ભોજન કેન્દ્રની મુલાકાત લીધી હતી.તેઓએ મધ્યાહન ભોજન કામગીરીની સમીક્ષા કરવામાં આવી હતી.ત્યારબાદ તેઓ જરૂરી સૂચનાઓ કર્મચારીઓને આપી હતી.

# જામજોધપુર ખરીદ વેંચાણ સંઘની મુલાકાત લેતા જિલ્લા વિકાસ અધિકારી

**સમય સંદેશઃ જામજોધપુર**



જામનગર જિલ્લા વિકાસ અધિકારી નિશા જામજોધપુર તાલુકા ખરીદ વેચાણ સંઘની મુલાકાતે પહોંચ્યા હતા. તેઓ મુલાકાત દરમ્યાન કૃષિ વિભાગની ગખઊઘ-ઘજ યોજના અંતર્ગત પ્રમાણીત બીજ વિતરણ ઘટકમાં મગફળી બિયારણની વિતરણ વ્યવસ્થાની, દફતરી ચકાસણી કરવામાં આવી હતી. તેઓની મુલાકાતને લઈ ફફડાટ ફેલાયો હતો. તેઓ અધિકારી પાસેથી વિતરણ સહિતની ગોડાઉનમાં પડેલા બિયારણ સહિતની વિગતો મેળવી હતી.ત્યારબાદ જરૂરી સૂચનો આપી હતી.

# જામનગરમાં મોહરમની પૂર્વ રાત્રીએ તાજીયા પડમાં આવ્યાઃ પૂર્વ રાજવીએ આપેલ ચાંદીનો તાજીયો લોકોના આકર્ષણનું કેન્દ્ર




જામનગરમાં મોહરમની થતી ઉજવણી દેશભરમાં પ્રખ્યાત છે. જામનગર જેટલા કલાત્મક તાજીયા ભાગ્યે જ અન્ય જગ્યાએ જોવા મળે છે. દર વર્ષની માફક આ વખતે પણ મુસ્લિમ સમાજ દ્વારા માતમના પર્વ મોહરમની ૯ દિવસથી ઉજવણી થઇ રહી છે. આઠ દિવસ વાયેઝ સહિતના કાર્યક્રમો યોજાયા બાદ ગઇકાલે તાજીયા પડમાં આવ્યા હતા. શહેરના કાલાવડ નાકા બહાર, રણજીતસાગર રોડ, ગુલાબનગર, ગઢની રાંગના વિસ્તાર અને બેડી સહિતના જુદા-જુદા વિસ્તારોમાં ૧૦૦થી વધુ તાજીયા સમિતિઓ દ્વારા કલાત્મક તાજીયાઓનું નિમાર્ણ કરવામાં આવ્યું છે. ઉપરોકત વિસ્તારોમાં તાજીયા પડમાં આવ્યા ત્યારે હજારોની સંખ્યામાં મુસ્લિમ બિરાદરો અને મહિલાઓ તાજીયાના દીદાર માટે ઉમટી પડયા હતા. પોતાના પરિવારના મર્હુમ લોકોની યાદ આવતાની સાથે જ લોકોની આંખો ભીની થઇ હતી. જામનગર શહેરમાં મોહરમ પર્વની પરંપરાગત અને શ્રદ્ધાપૂર્વક ઉજવણી કરવામાં આવી રહી છે, જેમાં શહેરના વિવિધ વિસ્તારોમાંથી એકથી ચઢિયાતા એક કલાત્મક તાજીયાઓ પડમાં આવ્યા છે. જામનગરના કલાત્મક તાજીયાઓ તેની ભવ્યતા અને અજોડ કારીગરી માટે સમગ્ર દેશભરમાં વિખ્યાત છે. આ તાજીયાઓની સુંદરતા અને ઈસ્લામિક સ્થાપત્ય કલાની ઝાંખી જોવા માટે માત્ર સ્થાનિક જ નહીં, પરંતુ દૂર-દૂરથી લોકો અહીં આવે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ જામનગરના રાજવીએ ભેટમાં આપેલો ચાંદીનો તાજીયો શહેરના હાર્દ સમાન ચાંદીબજાર વિસ્તારમાં પડમાં આવ્યો હતો, જે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બન્યો છે.

# ગોવાળની મસ્જીદ પાસે રીક્ષાએ તાજીયા સાથે અકસ્માત કરતા લોકો વિફર્યાઃ રીક્ષામાં તોડફોડ અને ચાલકની ધોલાઇ




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના ગોવાળ મસ્જિદ વિસ્તારમાં ગઈકાલે ગુરુવારે રાત્રે આશરે ૮ વાગ્યાના સમયે તાજિયા દરમિયાન એક રિક્ષા તાજિયા સાથે ટકરાતાં તંગદિલીનું વાતાવરણ સર્જાયું હતું. ઘટનાને પગલે લોકો એકત્ર થતાં થોડા સમય માટે બબાલ થઈ હતી. સ્થાનિક લોકોએ રિક્ષાચાલકને ટપાર્યો હતો. ઘટનાની જાણ થતાં સ્થાનિક પોલીસ તાત્કાલિક સ્થળ પર પહોંચી ગઈ હતી અને સ્થિતિ પર કાબૂ મેળવી લોકોને સમજાવી મામલો શાંત પાડ્યો હતો.

# મારધાડના ચાર ગુન્હામાં સંડોવાયેલ શખ્સ પાસામાં પુરાયો



**સમય સંદેશઃ જામનગર**

જામનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તેમજ અસામાજિક પ્રવૃત્તિઓ પર અંકુશ લાવવા જિલ્લા પોલીસે વધુ એક કડક કાર્યવાહી હાથ ધરી છે. શંકરટેકરી સુભાષપરા, શેરી નં. ૨, જામનગર ખાતે રહેતા વિજય કેશુભાઈ વરાણીયા સામે મારામારીના કુલ ચાર ગુનાઓ નોંધાયેલા છે. તેના ગુનાહિત ઇતિહાસને ધ્યાનમાં રાખીને એલસીબી તથા સિટી 'સી' ડિવિઝન પોલીસ દ્વારા પાસાની દરખાસ્ત તૈયાર કરી જિલ્લા પોલીસ વડા મારફતે જિલ્લા મેજિસ્ટ્રેટને મોકલવામાં આવી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટ પી.બી. પંડ્યાએ દરખાસ્તને મંજૂરી આપી પાસા વોરંટ જારી કરતાં પોલીસ ટીમે આરોપીની ધરપકડ કરી વોરંટ થકી આરોપીને મધ્યસ્થ જેલ, વડોદરા ખાતે મોકલી આપવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# જામનગર પંથકમાં ચાર સ્થળે માથાકુટ મામલે પોલીસની દોડધામ




**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જિલ્લાભરમાં છેલ્લા ૨૪ કલાકમાં મારામારીની ૪ ઘટના સામે આવતા સુરક્ષા સામે સવાલો ઉઠ્યા છે. એક તરફ પોલીસ ગુનાઓ પર નિયંત્રણના દાવા કરી રહી છે, તો બીજી તરફ સતત સામે આવી રહેલા હુમલાના બનાવો પોલીસ માટે ચિંતાનો વિષય બન્યા છે. એકજ રાતમાં ચાર હુમલાના બનાવોથી પોલીસ તંત્ર દોડતું થયું છે.

શહેરના ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં જૂની અદાવતના કારણે બે જૂથો વચ્ચે બબાલ સર્જાઈ હતી. આ ઘટનામાં બે લોકોને ગંભીર ઇજાઓ પહોંચી હતી. ઇજાગ્રસ્તોને સારવાર માટે જી.જી. હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. બનાવની જાણ થતાં પોલીસ તેમજ સ્થાનિક આગેવાનો ઘટના સ્થળે દોડી આવ્યા હતા.

બીજો બનાવ બેડીના રસુલનગર વિસ્તારમાં બન્યો હતો. વોટ્સએપ સ્ટેટસ રાખવા જેવી સામાન્ય બાબતને લઈને પાંચ જેટલા શખ્સોએ બે યુવાનો પર લોખંડના તોલા અને પાઇપ વડે હુમલો કર્યો હતો. હુમલામાં બંને યુવાનોને ઇજાઓ પહોંચતા સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.

ત્રીજી ઘટનામાં દિગજામ સર્કલ નજીક આવેલા પેટ્રોલ પંપ પાસે પૈસાની લેતી-દેતીના મામલે પ્રદીપસિંહ પરમાર નામના યુવાન પર છરી વડે હુમલો કરવામાં આવ્યો હતો. હુમલાખોરે તેની પીઠના ભાગે ઘા ઝીંકતા ઇજા પહોંચતા તેને તાત્કાલિક સારવાર માટે જી.જી. હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

જ્યારે ચોથા બનાવમાં બેડી વિસ્તારમાં પાનની દુકાને બેઠેલા ઇકબાલભાઈ સીદીકભાઈ બસર

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં મોહર્રમ પૂર્વે રેન્જ આઈજી-એસપી સહિતના કાફલા દ્વારા દરબારગઢ સહિતના વિસ્તારોમાં ચેકિંગ




**સમય સંદેશઃ જામનગર**

મોહર્રમ પર્વ નિમિત્તે શહેરમાં શાંતિ અને સલામતી જળવાઈ રહે તે માટે પોલીસ તંત્ર સંપૂર્ણપણે સતર્ક બન્યું છે. આ અંતર્ગત રાજકોટ રેન્જ આઈજી નિલિપ્ત રાયનું જામનગર શહેરમાં ફરી એકવાર આગમન થયું છે. આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને તેમણે જામનગરના વિવિધ વિસ્તારોની મુલાકાત લઈને સુરક્ષા વ્યવસ્થાની સમીક્ષા કરી હતી.

રેન્જ આઈજી નિલિપ્ત રાયે જામનગરના ઐતિહાસિક અને સંવેદનશીલ ગણાતા દરબારગઢ ચોક સહિતના આસપાસના વિસ્તારોમાં જાતે જઈને સુરક્ષા વ્યવસ્થાનું ઝીણવટભર્યું નિરીક્ષણ કર્યું હતું. તહેવાર દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સુદ્રઢ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તેમણે સ્થાનિક અધિકારીઓને જરૂરી માર્ગદર્શન અને કડક સૂચનાઓ આપી હતી.

આ ગ્રાઉન્ડ ઈન્સ્પેક્શન દરમિયાન જામનગર જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓ અને એસ.ઓ.જી., એલ.સી.બી. સહિતની બ્રાંચના અધિકારીઓનો કાફલો તેમની સાથે તૈનાત રહ્યો હતો. રેન્જ આઈજીએ ઊંચા બિલ્ડિંગો પરથી બાઇનોક્યુલર (દૂરબીન) ની મદદથી ધાબા પોઈન્ટ્સ અને રૂટ પર નજર રાખીને સુરક્ષા વ્યવસ્થાનું આકલન કર્યું હતું. તહેવારો દરમિયાન શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે અને અસામાજિક તત્વો પર કડક નજર રાખવામાં આવી રહી છે.

# દેવભૂમિ દ્વારકામાં સોની સાથે છેતરપિંડીનો ભેદ ઉકેલાયોઃ એલસીબીએ કલાકોમાં આરોપીને મુદ્દામાલ સાથે ઝડપી પાડ્યો



**સમય સંદેશઃ દ્વારકા**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના ભાટિયા ગામે એક સોની વેપારીને વાતોમાં ભોળવીને સોનાની બે ચેઈનની છેતરપિંડી આચરવાના ગુનાનો એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં પર્દાફાશ કર્યો છે. પોલીસે મોઢા પર માસ્ક પહેરી પોતાની ઓળખ છુપાવનાર શાતિર આરોપીને મુદ્દામાલ સાથે દબોચી લીધો છે. આ શખ્સે વેપારી પાસેથી રૂ. ૪,૩૧,૦૦૦ ની કિંમતની સોનાની બે ચેઈનની છેતરપિંડી કરી હતી.

આ ચકચારી છેતરપિંડીના ભેદને ઉકેલવા માટે આઈજી નિર્લિપ્ત રાય અને જિલ્લા પોલીસવડા જયરાજસિંહ વાડાના સીધા માર્ગદર્શન હેઠળ એલસીબી પીઆઈ નિકુંજ જોશી, પીએસઆઈ દેવમુરારી બી.એમ. અને એમ.આર. સવસેતા દ્વારા અલગ-અલગ ટીમો બનાવવામાં આવી હતી. જેમાં એએસઆઈ કિશોરભાઈ નંદનીયા, દાદુભાઈ જોગલ, ખીમાભાઈ કરમુર અને પ્રકાશ ચાવડાએ ટેકનિકલ સોર્સિસ અને ચોક્કસ બાતમીના આધારે તપાસ તેજ કરી હતી.

પોલીસ ટીમે તપાસ દરમિયાન ખંભાળિયા-દ્વારકા હાઈવે પર આવેલા મણીપુર હાબરડીના પાટિયા પાસેથી ૨૩ વર્ષીય કાના ઉર્ફે કાનો પુંજા દેવાનંદ ચાવડા (રહે. મોટા આસોટા) ને ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપી પાસેથી ૭૦,૦૦૦ ની કિંમતની એક સોનાની ચેઈન, ૧,૦૦,૦૦૦ રોકડા રૂપિયા, ૧૦,૦૦૦ ની કિંમતનો મોબાઈલ ફોન અને ૧૦,૦૦૦ ની કિંમતની નંબર પ્લેટ વગરની મોટરસાયકલ મળી કુલ જપ્ત મુદ્દામાલઃ રૂ. ૨.૯૦ લાખ પોલીસની આગવી ઢબે કરાયેલી પૂછપરછમાં આરોપીની ચોંકાવનારી મોડસ ઓપરેન્ડી (ગુનો કરવાની પદ્ધતિ) સામે આવી છે. આરોપી

અનુ પાના નં.૨ પર

# સ્થાયી સમિતિની બેઠકમાં ૫.૫૮ કરોડના ખર્ચે સ્ટ્રીટ લાઇટ અને હાઇમાસ્ટ ટાવરની સંભાળ રાખવાનું મંજૂર




**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલીકાની બીજી સ્ટેન્ડીંગ કમિટીમાં રૂા. ૬.૧૪ કરોડના કામો મંજુર કરવામાં આવ્યા છે, જેમાં શહેરના તમામ વોર્ડ તથા અન્ય ઓફીસોમાં આવેલી સ્ટ્રીટલાઇટ અને હાઇમાસ્ટ ટાવરની મરામત માટે રૂા. ૫.૫૮ કરોડના ખર્ચ કરવાનો સૈધ્ધાંતીક સ્વીકાર કરાયો છે, શહેરમાં પાયલોટ બંગલાથી દિગ્જામ સર્કલ સુધી સેન્ટ્રલ લાઇટીંગ વર્ક માટે રૂા. ૧૨.૭૦ લાખના ખર્ચને લીલીઝંડી અપાઇ છે.

જામનગર મહાનગર પાલીકાની સ્ટેન્ડીંગ કમિટીની મિટીંગ ચેરમેન ધીરેન મોનાણીના અધ્યક્ષસ્થાને મળી હતી, જેમાં મેયર મોનિકાબેન વ્યાસ, ડે. મેયર રાકેશ ડેર, કમિશ્નર દિપેશ કેડીયા સહિત અધિકારીઓ અને કમિટીના સભ્યો હાજર રહ્યા હતા, સ્થાયી સમિતિની બેઠકમાં જામનગર મનપાના કમિશ્નરે ટુ ડીઝાઈન મેન્યુફેક્ચર સપ્લાય એન્ડ ડીલીવરી ઓફ વોટર રેસ્ક્યુ બોટ અને અન્ય જુદા જુદા સાધનો માટે જેએમસી ટેકનીકલ સ્પેશીફીકેશન મુજબ કરેલી દરખાસ્ત પેન્ડીંગ રાખવામાં આવી છે. જયારે વર્ષ ૨૦૨૬ માટે ભાડાથી બેક હોક લોડર, ડમ્પર, હીટાચી તથા ટ્રેકટર ટ્રોલી સપ્લાય કરવાના કામ અંગે રૂા. ૩૪.૧૪ લાખનો ખર્ચ મંજુર કરાયો છે, તદ ઉપરાંત પાયલોટ બંગલાથી દિજામ સર્કલ સુધી સેન્ટ્રલ લાઈટીંગ વર્ક અંગે

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં સુપરસ્ટાર ટાયરીસ ગિબ્સનનું આગમન, એશિયાના સૌથી મોટા વાઈલ્ડલાઈફ રેસ્ક્યૂ સેન્ટર 'વનતારા'ની લેશે મુલાકાત



'Fast Furious' ફિલ્મ સિરીઝથી વિશ્વભરમાં પ્રખ્યાત થયેલા હોલીવુડના જાણીતા અભિનેતા અને સિંગર ટાયરીસ ગિબ્સન અંબાણી પરિવારના ખાસ આમંત્રણ પર જામનગર આવી પહોંચ્યા છે, જ્યાં એરપોર્ટ પર તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. એરપોર્ટ પર ઉતરાણ કર્યા બાદ તેઓ સીધા જ અંબાણી પરિવારના મહત્વકાંક્ષી 'વનતારા' પ્રોજેક્ટ માટે રવાના થયા હતા, જે એશિયાનું સૌથી મોટું વાઈલ્ડલાઈફ રેસ્ક્યૂ સેન્ટર છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, હોલીવુડ સ્ટાર ગિબ્સન આજે રાત્રે વનતારામાં જ રોકાણ કરવાના છે અને ત્યાં પ્રકૃતિ તેમજ વન્યજીવોના સંરક્ષણ અને સંવર્ધન માટે કરવામાં આવેલા પ્રશંસનીય કાર્યોનું નજીકથી નિરીક્ષણ કરશે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com